CBSE Class 12 2022 Gujarati Set 4 Question Paper

**Series : €ABA€**

**SET-4**

प्रश्न–पत्र कोड नं.
**Question Paper Code No. 10**

रोल नं.
**Roll No.** | | | | | | | | |

परीक्षार्थी कोड को उत्तर-पुस्तिका के मुख-पृष्ठ पर अवश्य लिखें।
Candidates must write the Code on the title page of the answer-book.

- આ પ્રશ્નપત્રમાં 4 પાના છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તર પુસ્તિકામાં અવશ્ય લખવાનો રહેશે.
- આ પ્રશ્નપત્રમાં 4 પ્રશ્નો છે તે તપાસી લેવું.
- **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલાં તેનો સિરિયલ નંબર અચૂક લખવો.**
- આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાકે નું 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયના ઉત્તર પુસ્તિકામાં કોઈ ઉત્તર લખવા નહીં.

- Please check that this question paper contains **4** printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **4** questions.
- **Please write down the Serial Number of the question in the answer-book before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the students will read the question paper only and will not write any answer on the answer-book during this period. *

# ગુજરાતી
# GUJARATI

*સમય સીમા : **2** કલાક* | *કુલ અંક : **40***

*Time allowed : **2** hours* | *Maximum Marks : **40***



ZOLLEGE.in

***General Instructions :***

*Read the following instructions carefully and follow :*

(i) *This question paper contains two sections : Literature and Effective Writing Skill.*

(ii) *Literature section contains two questions. Attempt both questions with Part-A and B and read the Instruction given in the question itself.*

(iii) *Effective Writing Skill section has two questions with A and B. Attempt both questions and follow the instruction given in the question itself.*

***સામાન્ય સૂચનાઓ :***

*નીચેના સૂચનો ધ્યાનથી વાંચીને એને અનુસરો :*

(i) *આ પ્રશ્નપત્રમાં સાહિત્ય અને પ્રભાવક લેખન કૌશલ્ય એમ બે વિભાગ છે.*

(ii) *સાહિત્ય વિભાગમાં બે પ્રશ્નો છે અને પ્રશ્નમાં આપેલી સૂચના મુજબ ઉત્તર લખવાના છે.*

(iii) *પ્રભાવક લેખન કૌશલ્ય વિભાગમાં અ અને બ સહિતના બે પ્રશ્નો છે જેની સૂચના મુજબ ઉત્તર લખવાના છે.*

*

**(Literature)**

1. (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો : (કોઈપણ **બે**) **4**

(1) બાના મતે લક્ષ્મીજી ક્યાં રહે છે ? તે શા માટે 'બેટા'ના ઘરે પધારશે નહીં ?

(2) કોની સ્મૃતિથી કવિ રમણીક અરાલવાળા વિહ્‌વળ બને છે ? શા માટે ?

(3) વડલો પંખીઓને શી વિનંતી કરે છે ? શાથી ?

(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો : (કોઈપણ **એક**) **3**

(1) પરસ્પર અતૂટ સ્નેહ વડલો અને પંખીડાં વચ્ચે કઈ રીતે વર્ણવ્યો છે ? તેમાંથી શો સંદેશો મળે છે ? તે સ્પષ્ટ કરો.

(2) 'વતનનો તલસાટ' કાવ્યમાં કવિને શું યાદ આવે છે ? તેઓને શેનો અફસોસ છે ? સમજાવો.

(3) 'બેટા, મને પાછી જવા દે' કાવ્યમાં કવિએ બદલાયેલી સંસ્કૃતિ અને જીવનશૈલીને તમારા શબ્દોમાં આલેખો.



ZOLLEGE.in

2. (અ) નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો : (કોઈપણ **ત્રણ**) **9**

(1) 'ડાઘ' લઘુકથામાં પ્રગટતી સંવેદના આલેખો.

(2) મહીજીએ દીકરાની નેકી અને મર્દાનગીની પરીક્ષા કેવી રીતે કરી ?

(3) પૂંજા મેજરે આંબા શા માટે ઉછેર્યા ? તેઓને શી મુશ્કેલી પડી ? તમારા શબ્દોમાં વર્ણવો.

(4) સ્વતંત્ર વિચારક તરીકે સોક્રેટીસનું ચરિત્ર તમારા શબ્દોમાં વર્ણવો.

(5) 'મોરનાં ઈંડાં' શીર્ષકની યથાર્થતા તમારા શબ્દોમાં આલેખો.

(બ) નીચેનામાંથી કોઈપણ **એક** સાહિત્યકારનો આશરે **દસ–બાર** વાક્યોમાં પરિચય આપો : **4**

(1) રામનારાયણ પાઠક

(2) દલપતરામ

## (Effective Writing Skill)

3. નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ **એક** પર આપેલા મુદ્દાને આધારે **250** શબ્દોમાં નિબંધ લખો : **8**

(1) યૌવન એટલે જીવનની વસંત

પ્રસ્તાવના – કુદરતમાં પ્રતિવર્ષ વસંત – માનવજીવનમાં એકવાર – યૌવન ક્રાંતિકારી – લાગણીઓનો ઉશ્કેરાટ – મોજ – શોખ – આનંદ – જીવનમાં સનાતન મૂલ્યોની સમજ – સર્જનાત્મક પ્રવૃત્તિ – સમાજ ઉપયોગી કાર્યો – દેશ વિકાસના કાર્યો – ઉપસંહાર

**અથવા**

(2) પાણી બચાવો – પ્રાણી બચાવો

પ્રસ્તાવના – વધતી વસ્તી – ઘટતું પાણી – જળાશયોની સ્થિતિ – પાણી પર આશ્રિત - પ્રાણી સૃષ્ટિ – પૃથ્વી પર જીવન – મીઠાં પાણીનો સંગ્રહ – વિવિધ પ્રવૃત્તિઓ – સફળતા – ઉપસંહાર

**અથવા**

(3) પુસ્તકોની મૈત્રી

પ્રસ્તાવના – આધુનિક માનવજીવન – મનોરંજનના વિવિધ સાધનો – સારાં પુસ્તકોનો ફાળો – પુસ્તકોના લાભ – હલકાં પુસ્તકોના ગેરલાભ – વાંચન પર ટીવી – મોબાઇલની અસર – પુસ્તકો આદર્શ મિત્ર – જીવન પરિવર્તન – ઉપસંહાર

4. (અ) તમારી શાળામાં 'શિક્ષક દિન' નિમિત્તે યોજાયેલા સમારંભની માહિતી આપતો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. **6**

(બ) તમારા વિસ્તારમાં 'રખડતાં ઢોરનો ત્રાસ' આ બાબતની ફરિયાદ કરતો પત્ર તમારા શહેરના મેયરશ્રીને લખો. **6**



ZOLLEGE.in

*



ZOLLEGE.in